આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## સુરત મહાનગરપાલિકા પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૫/૦૬/૨૦૧૫ ના રોજ  વરસાદની પરિસ્થિતિ ધ્યાને લઈ વિવિધ ઝોન મારફત કરવામાં આવેલ કામગીરીની માહિતી.

શહેરમાં થયેલ ભારે વરસાદ અને વાવાંઝોડાની પરિસ્થિતિ બાદ સુરત મહાનગરપાલિકા દ્વારા યુધ્ધનાં ધોરણે શહેરને પૂર્વવત કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આજરોજ તમામ ઝોન વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના આજરોજ તમામ ઝોન વિસ્તારમાં કુલ–૫૬ સ્થળોએ પાણીનો ભરાવો થયેલ. જેમાંથી ૫૫ સ્થળોએ તાકિદે પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. જેમાં  ખાનગી પ્લોટો તથા ખાનગી ભોંયરા પૈકી કુલ–૧ સ્થળે ડી–વોટરીંગ પંપ તથા અન્ય સ્થળોએ ૧ ડી–વોટરીંગ પંપનો ઉપયોગ કરી પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. શહેરમાં કુલ–૭૫ સ્થળોએ ટ્રેન્ચ બેસી ગયેલ, જેમાંથી ૮૮.૫ સ્થળે ટ્રેન્ચનું તાકિદે રીપેરીંગ કરવામાં આવેલ છે. વધુમાં કુલ–૧૪ સ્ટ્રીટ લાઈટના પોલ પડી ગયેલ છે. જેને ખસેડીને રસ્તા ખુલ્લા કરવામાં આવેલ છે.

૧૮૭ જેટલા સ્થળોએ ઝાડ કટીંગ કરી રસ્તા ખુલ્લા કરવામાં આવેલ છે તેમજ અન્ય સ્થળોએ રસ્તા ખુલ્લા કરવાની કામગીરી હાલમાં ચાલુ છે. જેમાં ૨૬૫૦ ફુડ પેકેટોનું વિતરણ કરવામાં આવેલ છે તેમજ અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં ૨૧૦૦ ફુડ પેકેટોનું વિતરણ કરવામાં આવેલ છે. રાહત કેન્દ્રો તથા શહેરના અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં આશરે ૮૧૨૦ પાણીની બોટલો / પાણીના પાઉચનું પણ વિતરણ કરવામાં આવેલ છે તેમજ ૧૭ જેટલા પીવાના પાણીના ટેન્કરો ધ્વારા પણ અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવેલ છે.

શહેરના તમામ ઝોન વિસ્તારોમાં સાફ–સફાઈની કામગીરી તાકિદના ધોરણે હાથ ધરવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકાના ૧૭૭૪ કાયમી બેલદારો, ૫૩૪૮ જેટલા કાયમી સફાઈ કામદારો, રોજીંદા દરે રોકાયેલ ૫૨૭ કામદારો, ખંડ સમયના ૧૯૯૧ જેટલા સફાઈ કામદાર હાલ કાર્યરત છે. જેથી શહેરની પરિસ્થિતિ ઝડપથી પૂર્વવત કરવાની કાર્યવાહી ખુબ જ ઝડપથી થઈ રહી છે. સુરત મહાનગરપાલિકામાં હાલ પરિસ્થિતિ યથાવત કરવા માટે ૭૮–ટ્રેકટરો, ૭૬–ટ્રકો, ૭૩–ડમ્પરો, ૨૫–લોડરો અને ૩૫–જે.સી.બી. નો ઉપયોગ કરી શહેર સ્વચ્છ કરવાની, પડી ગયેલ ઝાડ ઉપાડવાની, રસ્તા ખુલ્લા કરવાની, બેસી ગયેલી ટ્રેન્ચ રીપેર કરવાની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવેલ છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૩૨૬૬.૩૬ ટન જેટલો માટી મિશ્રિત કચરો, કિચડ વિગેરે ઉપાડવામાં આવેલ છે તથા ૧૯ જેટલા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે. ૧૯૪૪૨ કિ.ગ્રા. જંતુનાશક પાવડર તથા ૮૬.૮ લિટર પ્રવાહી દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે તથા જરૂરીયાતના સ્થળોએ ૧૪૨૦૦ જેટલી કલોરીનની ટીકડીઓનું પણ વિતરણ કરવામાં આવેલ છે.હાલમાં ૧ મેડીકલ ટીમ અસરગ્રસ્ત વિસ્તારમાં કાર્યરત છે.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા**

તા.૨૫.૦૬.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૨ ફાઈલના રૂા.૫૨.૦૦ હજાર રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા) ૩૫૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૫ લોકેશન ૩૩૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૭૭ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૨ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૭૦૨/– વસુલ લેવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૪૬ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૧.૨૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૨.૧૦ લાખ થયેલ છે.,૦૧ ભહ તથા ૦૧ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૫૯૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૬ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૧ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૫ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૯૭.૬૧૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૧૯ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૩૫૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૦૬૨ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૧૭૧૮૨ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૫૧૪ કરવામાં આવેલ છે. જયારે ૧૧ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૨૨૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૫૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૦ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪,૭૧,૭૨૨/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૦૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૦૫ એન્ટ્રીમાં રૂા.૯,૯૮૦/– અને આર.સી.ની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૨,૩૦૦/– મળી કુલ રૂા.૨૨,૨૮૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૮૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૨ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૦૪ ફાઈલોના રૂા.૧૮,૦૦૦/– વસુલાત કરવામાં આવ્યા.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૩૩,૮૧૫/–, દબાણ ચાર્જના રૂા.૮૯૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૩૪,૮૦૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા

## જાહેર આરોગ્ય વિભાગ સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૬/૨૦૧૫ થી ૨૪/૦૬/૨૦૧૫ દરમ્યાન શહેરના સાતઝોન વિસ્તારોમાં ગૃપસફાઈ ઝુંબેશ કરવાનું નકકી કરવામાં આવેલ છે.

જે અંતગર્ત તા.૨૩/૦૬/૨૦૧૫નાં રોજ ઈસ્ટ ઝોન – સરસ્વતી વિદ્યામંદિર થી તુલસી વાડી થઈ શ્રધ્ધા હોટલ થઈ ઈન્દિરા નગર, ધડુક કન્ટેઈનર થી જવાહર રોડ થઈ લક્ષ્મણનગર ખાડી પુલ થઈ કાપોદ્રા ચાર રસ્તા થઈ રામકિશન કોલોની, સાઉથ વેસ્ટ ઝોન – રસુલાબાદ, ઉમા ઈન્ડસ્ટ્રીયલ, નોર્થ ઝોન – ગણેશપુરા ગુજરાત હાઉસીંગ બોર્ડ સમગ્ર વિસ્તાર, સાઉથ ઈસ્ટ ઝોન – ડિંડોલી–૧, બીલયાનગર,બાલાજી નગર, જલારામ નગર,શ્રીનાથ સોસા., ડિંડોલી–૨ ડબલ ફાટક થી રામી પાર્ક સોસા.થઈ વોર્ડ ઓફિસ, હેલ્થ સેન્ટર સુધી., સાઉથ ઝોન – ભેદવાડ–કિષ્ના નગર, સીતા નગર, ઉન– તિરૂપતિ સોસા. એ થી એચ.ખાંચાઓ., સેન્ટ્રલ ઝોન – ચોક બજાર સાગર હોટલ થી દાના સાહેબની દરગાહ થઈ પોલીસ ગેટ સુધી, સૈયદપુરા પારસીવાડ કન્ટેઈનર થી પેટ્રોલપંપ થઈ કાંસકીવાડ ડેપો સુધી., વેસ્ટ ઝોન – ચૌધરીવાસ, વરીયાવ તાડવાડી તથા હળપતિવાસ શારદા મહોલ્લો તથા પાલણોરગામતળ વિગેરે વિસ્તારોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવવામાં આવેલ છે.

વધુમાં, તા.૨૩/૦૬/૨૦૧૫નાં રોજ શહેરના સાતઝોન મળી કુલ – ૧૪ વિસ્તારોમાં કુલ– ૫૫ સુપરવાઈઝરોના નિરિક્ષણ હેઠળ કુલ – ૪૧૨ કામદારો રોકી ગૃપ સફાઈ કરાવવામાં આવેલ. જે દરમ્યાન કુલ– ૧૬ વાહનો મારફતે કુલ– ૨૫.૯૭૦ મે.ટન કચરાનો નિકાલ કરાવવામાં આવેલ છે. સમગ્ર અભિયાન દરમ્યાન કુલ– ૧૧૩૩ કિ.ગ્રા. જંતુનાશક દવા / પાવડરનો છંટકાવ કરવામાં આવેલ તથા કુલ – રૂા.૧૦,૩૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત શહેરમાં થયેલ ભારે વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિ બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થળ, સ્થિતિનું રૂબરૂ નિરીક્ષણ તેમજ શહેરના નાગરીકોને વધુ અગવડ ન પડે તે માટે મા.કમિશ્નર શ્રી મિલિન્દ તોરવણેએ મોડી રાત સુધી તમામ ઝોન વિસ્તારની મુલાકાત લીધી હતી અને આજરોજ મહાનગરપાલિકા ખાતે યોજાયેલ રીવ્યુ મીટીંગમાં દરેક ઝોનમાં એન્જીનીયરીંગ વિભાગ, આરોગ્ય વિભાગ, ગાર્ડન વિભાગ તથા ફાયર વિભાગે સંયુકત રીતે કામગીરી કરી શહેરને આવતી કાલ સાંજ સુધીમાં પૂર્વવત કરવાની તાકિદ કરી હતી. આ ઉપરાંત આજરોજ મા.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, આરોગ્ય સમિતિના ચેરમેન ડો. રવિન્દ્ર પાટીલ, સદસ્ય શ્રી રાવસાહેબ પાટીલે મીઠી ખાડી, નીલગીરીથી ગોડાદરા રોડ, બોધ્ધ મંદિર, આસપાસ નગર, ગણપતિધામ સોસાયટી, ચેતન નગર, ડીંડોલી વિસ્તારની પરિસ્થિતિનો ચિતાર મેળવ્યો હતો તથા રાહત કેન્દ્રો ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા પુરી પડાયેલી સહાય સંદર્ભે તથા જો કોઈ અગવડ હોય તો તેના નિવારણ અર્થે અસરગ્રસ્તોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી. અસરગ્રસ્તો તરફથી મહાનગરપાલિકાની ઝડપી અને અસરકારક કામગીરીની સરાહના કરવામાં આવી હતી.

શહેરમાં તમામ વિસ્તારો જેવા કે **અઠવા ઝોનમાં** ઘોડ દોડ રોડ, ગોકુલમ ડેરી પાસે, ગૌરવ પથ, એસ.વી.એન.આઈ.ટી. જંકશન, વી.આઈ.પી. રોડ શ્યામ મંદિર પાસે, સરગમ શોપીંગ સેન્ટર તથા **સેન્ટ્રલ ઝોનમાં** કાદરશાની નાળ, સલાબતપુરા પોલીસ ચોકી, કૈલાસ નગર, ચૌટા પુલ, મુંબઈવડ, કાંસકીવાડ વોર્ડ ઓફિસ, તીનબત્તી ઝાંપાબજાર, કમેલા દરવાજા, રૂપમ સિનેમા વિગેરે વિસ્તારો તથા **લીબાયત ઝોનમાં** ડીંડોલી મેઈન રોડ, નીલગીરી મેઈન રોડ, ગોડાદરા ખાતેની સોસાયટીઓ, રેલ્વે ગેરનાળુ અને **રાંદેર ઝોન** વિસ્તારમાં પાલનપુર રોડ, ગંગેશ્વર મહાદેવ રોડ, સરદાર પુલ નીચે ગ્રીન એન્કલેવ ખાતે તેમજ **વરાછા ઝોન** વિસ્તારમાં માનસરોવર પુણા સિમાડા રોડ, વરાછા મેઈન રોડ, બરોડા પ્રિસ્ટેજ, કાપોદ્રા, મગોબ ટાઉનશીપ, નાના વરાછા તથા **ઉધના ઝોન** વિસ્તારમાં ઉધના ત્રણ રસ્તાથી ડીંડોલી તરફ જતા માર્ગ ઉપર, ઉધના ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન સુધીના માર્ગ ઉપર, સત્યનગર થી ઉધના ઝોન ઓફિસ વિસ્તારમાં તથા વિવિધ સોસાયટીઓમાં તેમજ **કતારગામ ઝોનના** જુનો કોસાડ રોડ, છાપરાભાઠા, નવો કોસાડ રોડ, હાઉસીંગ બોર્ડ, રઘુવીર સોસાયટી તથા અન્ય વિસ્તારોમાંથી ભરાયેલ વરસાદી પાણીનો ડી–વોટરીંગ પંપના ઉપયોગથી નિકાલ કરવામાં આવેલ છે. તમામ વિસ્તારોમાં આવેલ ખાનગી ભોંયરા અને ખુલ્લા પ્લોટોમાં ભરાયેલ પાણીનો તાકિદે નિકાલ કરવામાં આવેલ છે. જયારે ફકત **લીબાયત ઝોનના** ડીંડોલી વિસ્તારના ૧(એક) સ્થળે પાણીનો નિકાલ કરવાની કામગીરી ડી–વોટરીંગ પંપ ધ્વારા હાલમાં ચાલી રહી છે.

TOP

શહેરના તમામ ઝોન વિસ્તારોમાં પાણીનો નિકાલ કરી સાફ–સફાઈ બાદ આરોગ્ય વિભાગની ટીમ ધ્વારા ૧૯૪૪૨ કિ.ગ્રા. જંતુનાશક દવાઓ તેમજ ૧૦૦ લીટર જેટલી પ્રવાહી દવાઓનો છંટકાવ કરવામાં આવેલ છે અને જરૂરીયાતના સ્થળોએ ૧૬૦૦૦ જેટલી ક્લોરીનની ટીકડીઓનું પણ વિતરણ કરવામાં આવેલ છે. હાલમાં ૧(એક) મેડીકલ ટીમ અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત છે.

આજરોજ શહેરના તમામ ઝોન વિસ્તારોમાં ૧૭૭૪ કાયમી બેલદારો, ૫૩૪૮ જેટલા કાયમી સફાઈ કામદારો, રોજીદા દરે રોકાયેલ ૫૨૭ કામદારો, ખંડ સમયના ૧૯૯૧ જેટલા સફાઈ કામદારો ધ્વારા યુધ્ધના ધોરણે સાફ–સફાઈની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેથી શહેરની પરિસ્થિતિમાં ઝડપથી સુધારો કરી શકાય. સુરત મહાનગરપાલિકામાં હાલ પરિસ્થિતિ યથાવત કરવા માટે ૭૮–ટ્રેકટરો, ૭૬–ટ્રકો, ૭૩–ડમ્પરો, ૨૫–લોડરો અને ૩૫–જે.સી.બી. નો ઉપયોગ કરી શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૩૨૬૬.૩૬ ટન જેટલો માટી મિશ્રિત કચરો, કિચડ વિગેરે ઉપાડીને સુરત શહેરને સ્વચ્છ કરવામાં આવેલ છે તથા ૧૯ જેટલા નાના તેમજ ૧ મોટા મરેલા જાનવરોનો નિકાલ કરવામાં આવેલ છે.

શહેરમાં વાવાઝોડાને કારણે પડી ગયેલા ઝાડોથી મુખ્ય રસ્તાઓ બંધ થઈ ગયા હતા. જે તમામ રસ્તાઓ ઉપરના ઝાડોનું કટીગ કરી સાઈડ કરીને રસ્તાઓ ખુલ્લા કરવામાં આવેલ છે અને બાકી રહેલા ૧૦૦ થી ૧૨૫ જેટલા ઝાડોનું કટીગ કરી રસ્તા ખુલ્લા કરવાની કામગીરી ખાનગી ટીમો તથા સુરત મહાનગરપાલિકાની ટીમો ધ્વારા આવતીકાલ સાંજ સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે.

વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કેન્દ્રો શરૂ કરવામાં આવેલ. જે રાહત કેન્દ્રોમાં અસરગ્રસ્તોને આશ્રય આપવામાં આવેલ તેમને તથા જરૂરીયાતમંદ વિસ્તારોમાં ૪૮૦૦ જેટલા ફુડ પેકેટોનું તથા ૮૦૦૦ જેટલી પાણીની બોટલો / પાણીના પાઉચોનું વિતરણ કરવામાં આવેલ છે. શહેરની પરિસ્થિતિ પૂર્વવત થવાથી રાહત કેન્દ્રો ખાતેના અસરગ્રસ્તોને પોતાના પૂર્વવત સ્થળે શીફટ કરવામાં આવેલ છે. તમામ રાહત કેન્દ્રો બંધ કરી શાળાઓની સાફ–સફાઈ કરાવી ફરીથી શૈક્ષણિક કાર્ય માટે શિક્ષણ સમિતિને સોંપી દેવામાં આવેલ છે અને આજરોજથી શિક્ષણ કાર્ય પણ રાબેતા મુજબ શરૂ કરવામાં આવેલ છે.

ભારે વરસાદને કારણે ગઈકાલે શહેરમાં ડી.જી.વી.એસ.એલ.ના ફોલ્ટના કારણે રાંદેર, અડાજણ, અઠવા અને વરાછાના કેટલાક વિસ્તારોમાં પાવર કટ થવાથી પાણી પુરવઠો પુરો પાડી શકાયો ન હતો. જે વિજ પુરવઠો પૂર્વવત થતા ઉકત તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો પૂર્વવત રીતે પુરો પાડવામાં આવેલ છે. મા.કમિશ્નરશ્રી ધ્વારા શહેરના તમામ વિસ્તારોમાં પાણીના સેમ્પલો લઈ ચકાસણી કરવાની સુચના આપવામાં આવેલ છે.

TOP

ભારે વરસાદ તથા વાવાઝોડાને કારણે સુરત શહેરમાં ૧૮૨૯ ચો.મી. જેટલા ફુટપાથને નુકશાન થવા પામેલ છે, જેને રીપેરીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ૩૮ સ્થળોએ પડી ગયેલા લાઈટ પોલને ખસેડીને તમામ સ્થળોએ રસ્તા ખુલ્લા કરવામાં આવેલ છે. વધુમાં ૨૫ લાઈટપોલના ફીટીંગને પણ નુકશાન થવા પામેલ છે. શહેરના જે તે વિસ્તારોમાં લાઈટ બંધ છે, તે તમામ લાઈટપોલનું ટેસ્ટીંગ કરી આજે મોડી રાત સુધીમાં ફરીથી કાર્યરત કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે. શહેરના વિવિધ રસ્તા ઉપરના ડીવાઈડરોમાં લગાવેલ ૧૫૦ જેટલી લોખંડની ગ્રીલને નુકશાન થયેલ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તા બેસી જવાથી નુકશાન થયેલ છે, જેની રીપેરીંગની કામગીરી હાલમાં ચાલી રહેલ છે. શહેરના તમામ વિસ્તારોમાં વરસાદને કારણે તુટી ગયેલ રસ્તાઓને મેટલ ગ્રાઉન્ટીંગ, કાર્પેટ--રીકાર્પેટ કરવાની કામગીરી હાલમાં ચાલી રહેલ છે. સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૨૦૦ રનીંગ મીટર જેટલું વોટર ટેબલ બેસી ગયેલ, જે ફરીથી કાર્યરત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**સમાચાર યાદી નં. 458**
**તા.૨૫/૦૬/૨૦૧૫**
**જનસંપર્ક વિભાગ તરફથી સાદર**

TOP

# સુરત મહાનગર પાલિકા
## સ્ટ્રીટલાઈટખાતુ
## પ્રેસનોટ

સુરત શહેર હદ વિસ્તારમાં હાલ કાર્યરત કુલ ૧,૧૦,૨૩૩ થી વધુ સ્ટ્રીટલાઈટોના તેમજ વખતો વખત સ્ટ્રીટલાઈટ માટે ઉભા કરવામાં આવતા પોલને આનુષાંગિક થતા અકસ્માતો નિવારવા જાહેર જનતા દવારા નીચે મુજબનાં મુધ્દાઓ અંગે કાળજી રાખી, સહકાર આપવા વિનંતી છે.

૧. સ્ટ્રીટ લાઈટ પોલનાં કેબલ, ઓવરહેડ વાયર વિગેરેમાં ઉચા દબાણે વિદ્યુત પ્રવાહ પસાર થતો હોવાથી તેને અડકવું નહી, લંગર બનાવી નાંખવા નહી, બિનઅધિકૃત જોડાણ કરવું નહી, થાંભલા પર ચઢવું નહી કે થાંભલા / વાયર વિગેરેનાં સીધા સંપર્કમાં આવવું નહી તેમ કરવાથી જીવલેણ અકસ્માત થઈ શકે છે. સ્ટ્રીટ લાઈટ સીસ્ટમ થી સલામત અંતર જાળવવું.

૨. સ્ટ્રીટ લાઈટ પોલ સાથે તાર બાંધી તેના પર કપડાં વિગેરે સુકવવા નહી. ખાનગી એજન્સીઓએ સ્ટ્રીટલાઈટ પોલનો આધાર લઈ કેબલ / વાયરપસાર કરવા નહી કે બાંધવા નહી. સ્ટ્રીટલાઈટ પોલ સાથે બેનરો બાંધવા કે કોઈપણ ચીજવસ્તુનું નિર્દેશન કરવા સક્ષમ સત્તાધીશની મંજુરી વગર ઉપયોગ કરવો નહી.

૩. સ્ટ્રીટ લાઈટ પોલ નજીક કે નીચે કાયમી અથવા હંગામી બાંધકામ કરવું નહી, સ્ટ્રીટલાઈટ પોલ સાથે વાહનો કે પશુ – પ્રાણીઓ બાંધી રાખવા નહી, સ્ટ્રીટલાઈટ પોલની પેટી ( જંકશન બોક્ષ ) ખોલવા નહી કે તેમાં હાથ નાંખવો નહી તથા નાના બાળકોને સ્ટ્રીટલાઈટ પોલ પાસે રમવા દેવા નહી.

૪. સ્ટ્રીટ લાઈટ પોલને કોઈપણ માધ્યમથી હલાવવા નહી. કોઈપણ પ્રકારે નુકશાન પહોંચાડવું નહી તથા ખાનગી ઉપયોગ માટે કોઈ પણ વીજળીક ઉપકરણોનું જોડાણ કરવું નહી. આમ કરવું સજાપાત્ર ગુનો બને છે, તેમજ શોર્ટ સરકીટ થવાના, આગ લાગવાના કે જીવલેણ અકસ્માત થવાની સંભવાના રહે છે, ઉપરાંત જે તે વિસ્તારની સ્ટ્રીટ લાઈટ વ્યવસ્થામાં ગંભીર ક્ષતિ ઉભી થવાને કારણે જાહેર જનતાને મળતા વીજ પ્રકાશના લાભમાં વિક્ષેપ પડી શકે.

તુટી પડેલાં કે બંધ લાઈટ પોલ અંગે નીચે દર્શાવેલ સંપર્ક નંબરો ઉપર તેમજ ઈ–મેઈલ ધ્વારા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર જાણકારી / ફરીયાદ આપી શકાશે. ફરીયાદ આપતાં સમયે સ્ટ્રીટલાઈટ પોલ નંબર દર્શાવવો ઈચ્છનીય છે.

| અનં | સબઝોનનું નામ | સમાવિષ્ટ વિસ્તારો | સ્ટ્રીટલાઈટ મેન્ટેનન્સ ઈજારદારોના ૨૪X૭ સ્ટ્રીટલાઈટ ફરિયાદ નોધણી નંબર | ઝોનલ કચેરી ના ટેલી. નંબર |
|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ (ઉત્તર) | રાજમાર્ગથી ઉત્તર સાઈડનો તમામ વિસ્તાર | ૯૭૨૩૫૫૩૬૮૫ | ૨૪૨૭૭૨૬, ૨૪૨૩૭૫૧ થી ૫૬ |
| ૨ | સેન્ટ્રલ (દક્ષિણ) | રાજમાર્ગથી દક્ષિણ સાઈડનો તમામ વિસ્તાર | ૮૩૪૭૦૦૦૩૫૧ | |
| ૩ | કતારગામ–૧ | કતારગામ, વેડ, ડભોલી, સિંગણપોર, જી.આઈ.ડી.સી. | ૯૧૫૭૮૧૦૮૪૧ | ૯૭૨૪૩૪૬૦૧૧ થી ૧૪ |
| ૪ | કતારગામ–૨ | અમરોલી, કોસાડ, છાપરાભાઠા, ઉત્રાણ | ૭૫૭૩૦૪૫૯૧૧ | |
| ૫ | વરાછા–૧ | એ.કે.રોડ, ફુલપાડા, હિરાબાગ, કાપોદ્રા, નાના વરાછા, મોટા વરાછા, સરથાણા | ૮૩૪૭૦૦૪૬૦૧ | ૯૭૨૪૩૪૬૦૩૦ થી ૩૩ |
| ૬ | વરાછા–૨ | મગોબ, પુણાસીમાડા, યોગીચોક, લંબે હનુમાન રોડ, કરંજ, ઉમરવાડા | ૯૮૨૪૭ ૫૪૮૮૩ | |
| ૭ | લિબાયત–૧ | ડુંભાલ, આંજણા, પરવટ, ગોડાદરા | ૮૩૪૭૦૦૪૬૧૧ | ૯૭૨૪૩ ૪૬૦૪૯ થી ૫૨ |
| ૮ | લિબાયત–૨ | ડિંડોલી, લિંબાયત | ૭૫૭૩૦૩૮૮૭૭ | |
| ૯ | ઉધના–૧ | ખટોદરા, ગોવાલક, બમરોલી રોડ, ઉધના સંઘ, ઉધના ગામ | ૯૧૫૭૮૧૦૮૫૦ | ૯૭૨૪૩ ૪૬૦૬૦ થી ૬૧ |
| ૧૦ | ઉધના–૨ | વડોદ ગામ, બમરોલી ગામ, ભેસ્તાન, પાંડેસરા | ૯૯૨૪૧ ૪૪૫૫૨ | |
| ૧૧ | અઠવા–૧ | અઠવાગેટ થી જાની ફરસાણ, ઘોડદોડ રોડ, અલથાણ, ભટાર, ખજોદ, સરસાણા, ભીમરાડ, ભરથાણા, ન્યુ સીટીલાઈટ રોડ | ૭૦૯૬૦૩૨૪૩૨ | ૯૭૨૪૩ ૪૬૦૧૫, ૧૭ થી ૧૮ |
| ૧૨ | અઠવા–૨ | જાની ફરસાણથી ડુમસ, વેસુ, આભવા ભીમપોર, મગદલ્લા, ગવિયર, રૂંઢ, પીપલોદ | ૯૧૦૪૨૯૨૯૯૯ | |
| ૧૩ | રાંદેર–૧ | પાલ, પાલનપોર, અડાજણ | ૭૦૯૬૦૩૨૪૫૦ | ૯૭૨૪૩૪૬૦૨૫ થી ૨૬ |
| ૧૪ | રાંદેર–૨ | રાંદેર, રામનગર, વરિયાવ, જહાંગીરપુરા | ૭૫૭૩૦૪૫૯૩૩ | |
| ૧૫ | સ્ટ્રીટલાઈટ(HQ) | હાઈમાસ્ટ ટાવરમાટે | ૯૮૭૯૬૧૪૮૩૪ | ૨૪૨૨૨૮૫, એક્ષ્ટે–૨૭૧ |

**હેલ્પ લાઈન/કસ્ટમરકેર નં.૨૪૫૧૯૧૩–૧૪** (સવારે ૬.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી )પર ફરિયાદ નોધવા પ્રાધાન્ય આપવા અનુરોધ છે

વેબસાઈટ: www.suratmunicipal.gov.in.

કમિશ્નર શ્રી,સુરત મહાનગર પાલિકા ધ્વારા જનહિતમાં પ્રકાશિત.

ન.પીઆરઓ/ 459

તા. ૨૬/૦૬/૨૦૧૫

કમિશ્નર
સુરત મહાનગર પાલિકા

TOP

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

પ્રેસનોટ



તાજેતરમાં ગુજરાત રાજયના વિવિધ જીલ્લાઓમાં ભારે થી અતિભારે વરસાદ થવા પામેલ. જે પૈકી રાજયના અમરેલી શહેરમાં પણ અતિભારે વરસાદ થવાના કારણે સમગ્ર શહેરી વિસ્તારોમાં વરસાદી પાણીનો મોટા પ્રમાણમાં ભરાવો થવાના કારણે પશુઓ–પક્ષઓ તથા લોકોના જાન–માલને ભારે નુકશાન થવા પામેલ છે. અમરેલી શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજય ફેલાવા પામેલ હોઈ, રોગચાળો ફાટી ન નિકળે અને રાબેતા મુજબની સ્થિતિ ફરીથી સર્જાય તે હેતુસર, આ વિસ્તારોમાં સાફ–સફાઈની કામગીરી યુધ્ધના ધોરણે થાય તે હેતુસર સુરત મહાનગરપાલિકાની સફાઈ કામગીરીની ટીમ તાકિદે અમરેલી ખાતે મોકલવા અંગે પ્રસાશન દ્વારા મ્યુ.કમિશ્નરશ્રીને જણાવવામાં આવેલ.

ઉકત બાબતે સુરત મહાનગરપાલિકાના વેસ્ટઝોન, સેન્ટ્રલઝોન અને કતારગામ ઝોનમાંથી સફાઈ ટીમ તૈયાર કરી, આ ટીમમાં ૦૧–આરોગ્ય નિરિક્ષક, ૦૩–મદદનીશ આરોગ્ય નિરિક્ષકો, ૦૨–મુકાદમ, ૦૪–ડ્રાઈવરો, ૦૨–કલીનરો અને ૫૫–સફાઈકામદારો / બેલદારો તથા ૦૨–પ્રચારગાડી, ૦૧–મીનીબસ અને ૦૧–ટેમ્પો તેમજ જરૂરી સફાઈના સાધનો, રીફલેકટેડ જેકેટ અને જંતુનાશક દવા / પાવડરના જથ્થાનો સમાવેશ કરવામાં આવેલ.

મા.મેયરશ્રીએ ઉકત ટીમને અમરેલી શહેર ખાતે યુધ્ધના ધોરણે સફાઈ સંબંધિત કામગીરી કરવા હાકલ કરી તથા અમરેલી શહેરની પરિસ્થિતિ તાકિદે રાબેતા મુજબની થાય તેવી શુભેચ્છા પાઠવી, લીલી ઝંડી લહેરાવીને તા.૨૬/૦૬/૨૦૧૫ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) અને ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં રૂદરપુરા હેલ્થકેમ્પ ખાતેથી અમરેલી શહેર ખાતે જવા માટે રવાના કરેલ છે.

TOP

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

તા.૨૬.૦૬.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૫ ફાઈલના રૂા.૧૦.૦૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૯ લોકેશન(ખાડા) ૫૧૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૨૧૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૧૦૩ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૩૪ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૪૮૩/– વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજના કુલ –૧૦ કનેકશન આપવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૭ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૨૭ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૩.૩૬ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૨.૭૮ લાખ થયેલ છે.,૧૬ ભહ તથા ૦૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૫૭૨/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૪૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૬ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૨ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૬૦.૪૩૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૧ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૭૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૦૮૪૫ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૩૬૪૯ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૭૯ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૦૫૭ કરવામાં આવેલ છે. જયારે ૩૬ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૨૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૦/૬/૨૦૧૫ થી તા.૨૬/૬/૨૦૧૫ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછ), સાઉથઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથઝોન (ઉધના)તથા સાઉથવેસ્ટઝોન(અઠવા)માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૩૪,૫૨૦/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૭,૯૫૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૮૨.૧૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૫૬.૫૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૧૬ પકડી પાડી મ્યુનિસિપલ ઢ ોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે  કુલ રૂા.૩૮,૦૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ–૯૦(એ)(૧) મુજબ ૦૩ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૩,૨૧૫/– અને ૭,૬૬૬/– મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે રૂા.૧,૨૩,૭૭૫/– અને રૂા. ૩,૦૭,૬૮૦/– રકમ મળી કુલ રકમ રૂા. ૪,૩૧,૪૫૫/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

TOP

## સ્મીમેર

## પ્રેસનોટ

સ્મીમેર મેડીકલ કોલેજમાં એન.આર.આઈ. કવોટાની બેઠકો ઉપર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૯/૦૬/૨૦૧૫ થી તા.૨૫/૦૬/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૮૮૮૧ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી. ૧૦૩૩ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૪૨ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૨૮ દર્દીઓને સારવાર આપવામાં આવી.

ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૨૦ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલમાં ૧૩૮ મેજર ઓપરેશનો તથા ૨૬૮ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.

રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૭૭૪, સોનોગ્રાફી ૫૮૯, એમ.આર.આઈ. ૧૩૪ તથા સીટી સ્કેન ૧૧૦ કરવામાં આવેલ છે.

ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૪૨૨ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૩૨ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.

સ્મીમેરની લેબોરેટરીમાં ૨૫૪૨૯ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.

જુના ૨૨૨ દર્દીઓ તથા નવા ૫૬ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૨૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૦૧૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૪૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૧૯૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૩,૯૩,૫૧૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૮ એન્ટ્રીમાં રૂા.૩૮,૭૨૦/– અને આર.સી.ની ૧૪ એન્ટ્રીમાં રૂા.૮૦,૩૨૦/– મળી કુલ રૂા.૧,૧૯,૦૪૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૦૦/–, રીન્યુઅલની ૦૨ એન્ટ્રીમાં રૂા.૮૦/– અને દંડની રકમની ૦૨ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૩૩ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૬,૪૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૩૧ ફાઈલોના રૂા.૫,૩૬,૧૮૩/– વસુલાત કરવામાં આવ્યા.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૩૭,૬૦૦/–,મંડપ ચાર્જના રૂા.૮૨૧/–, દબાણ ચાર્જના રૂા.૪,૬૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૪૩,૧૪૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૬/૨૦૧૫ થી ૨૪/૦૬/૨૦૧૫ દરમ્યાન શહેરના સાતઝોન વિસ્તારોમાં ગ્રુપસફાઈ ઝુંબેશ કરવાનું નકકી કરવામાં આવેલ છે.

જે અંતગર્ત તા.૨૪/૦૬/૨૦૧૫નાં રોજ ઈસ્ટ ઝોન –નાના વરાછા, મોતી નગર સર્કલ થી આકાર સ્પોર્ટ શકિત વિજય સોસા.સુધી,કરંજ–બી સંતોષીનગર મઢુલી થી નિલકંઠ સોસા.સવિતા રોડ સુધી, સાઉથ વેસ્ટ ઝોન – રાધા કિષ્ના ઈન્ડસ્ટ્રીયલ ટી.પી.રોડ, શાંતિનાથ ઈન્ડસ્ટ્રીયલ ટી.પી. રોડ, નોર્થ ઝોન – કોલાડ આવાસ–એચ ૧–૨–૩–૪–૫ સમગ્ર વિસ્તાર, સાઉથ ઈસ્ટ ઝોન – ગોડાદરા આર.ઓ.બી.રેલ્વે રોડ થઈ માનસરોવર સોસા.સુધી, ઉમરવાડા આપેશ્વર હોટલ ચાર રસ્તાથી જીવન જયોત ખાડી પુલ સુધી, સાઉથ ઝોન – ઉધનાસંઘ સંજય નગર ૧/૨, બમરોલી હરિઓમ ખાડી તથા વિનાયક નગર મેઈન રોડ, સેન્ટ્રલ ઝોન – ૧/એ–હબીબશાહ મહોલ્લો તથા ખંડેરાવ પુરા , ૭/બી–રૂઘનાથ પુરા વરાછા શેરી, ચોથીયા શેરી, મલાર શેરી, સતીમાતાની શેરી, વેસ્ટ ઝોન – અડાજણ પાટીયા, અડાજણ ગામ, કૃષ્ણકુંજ, ગોરાટ, જહાંગીરપુરા, રામનગર, પાલ અને રાંદેર વોર્ડ વિસ્તારના તમામ મેઈન રોડ વિસ્તારોમાં ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવવામાં આવેલ છે.

વધુમાં, તા.૨૪/૦૬/૨૦૧૫નાં રોજ શહેરના સાતઝોન મળી કુલ – ૨૯ વિસ્તારોમાં કુલ– ૬૭ સુપરવાઈઝરોના નિરિક્ષણ હેઠળ કુલ – ૫૫૫ કામદારો રોકી ગૃપ સફાઈ કરાવવામાં આવેલ. જે દરમ્યાન કુલ– ૨૧ વાહનો મારફતે કુલ– ૯૮.૨૯૦ મે.ટન કચરાનો નિકાલ કરાવવામાં આવેલ છે. સમગ્ર અભિયાન દરમ્યાન કુલ– ૧૧૦૦ કિ.ગ્રા. જંતુનાશક દવા / પાવડરનો છંટકાવ કરવામાં આવેલ તથા કુલ – રૂ.૫,૮૦૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ભારે વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિ બાદ આજ રોજ મા. કમિશ્નરશ્રી શ્રી મિલિન્દ તોરવણ ધ્વારા યોજાયેલ રીવ્યુ મીટીંગમાં તમામ ઝોનના આરોગ્ય અધિકારીઓને શહેરમાં રોગચાળો ન ફેલાય તથા મેલેરીયાની પરિસ્થિતિ નિયત્રંણ હેઠળ રહે તે મુજબ કામગીરી કરવાની તાકીદ કરી હતી. વધુમાં તમામ સ્થળોએથી ભરાયેલ પાણીનો નિકાલ કરવામાં આવેલ છે. પરંતુ શહેરના જે તે વિસ્તારોમાં બાંધકામો ચાલુ હોય અને જો તેવા સ્થળોએ પાણી ભરાયેલ હોય તો તેવા સ્થળોએ કોન્ટ્રાકટરો ધ્વારા પાણીનો નિકાલ કરાવી સાફ–સફાઈ કરાવી નિયમમુજબ દંડ વસુલવાની કાર્યવાહી કરવા તેમજ જે તે ઝોન વિસ્તારમાં મુખ્ય રસ્તાઓ પર જે ઝાડ દુર કરવાના બાકી હોય, તે તમામ કામગીરી આજરોજ મોડી રાત સુધી પુર્ણ કરવા સુચના આપી હતી. વધુમાં જે તે વિસ્તારની સોસાયટીઓ/ આંતરિક રસ્તાઓ ઉપર ઝાડ/ ગાર્ડન વેસ્ટ પડેલ હોય તે પણ ઉપડાવી સાફ સફાઈ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો તેમજ જે જગ્યાએથી ઝાડ ઉખડી ગયેલ હોય તે ભાગમાં ખાડા પુરાવી રોડ/ ફૂટપાથ તાકીદે બનાવવી. તેમજ વરાછા, કતારગામ, રાંદેર ઝોન વિસ્તારમાં તેમજ અન્ય ઝોન વિસ્તારોમાં  સ્ટ્રીટ લાઈટ બંધ હોય તો ઝોન લેવલ/ હેડકવાર્ટર લેવલે રાત્રિ રાઉન્ડ લઈ બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવાની વ્યવસ્થા ગોઠવવી અનેવર્કશોપ ખાતે રીપેરીંગ હેઠળના વાહનો ઝડપથી રીપેરીંગ કરાવી ઓનરોડ કરવા વ્યવસ્થા ગોઠવવી તેમજ આ પ્રકારની પરિસ્થિતિનું ફરીથી પુનરાવર્તન થાય તો તે અંગે જરૂરી વ્યવસ્થા તેમજ તૈયારી રાખવા  જણાવ્યું હતું.

સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ તેમજ અધિકારીઓને શહેરને પુર્વવત કરવા માટે કરેલી સરાહનીય કામગીરી બાબતે અભિનંદન પાઠવ્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## પ્રેસનોટ



તાજેતરમાં ગુજરાત રાજયના વિવિધ જીલ્લાઓમાં ભારે થી અતિભારે વરસાદ થવા પામેલ. જે પૈકી રાજયના અમરેલી શહેરમાં પણ અતિભારે વરસાદ થવાના કારણે સમગ્ર શહેરી વિસ્તારોમાં વરસાદી પાણીનો મોટા પ્રમાણમાં ભરાવો થવાના કારણે અસરગ્રસ્ત વિસ્તારોમાં, રોગચાળો ફાટી ન નિકળે અને રાબેતા મુજબની સ્થિતિ ફરીથી સર્જાય તે હેતુસર, આ વિસ્તારોમાં સાફ–સફાઈની કામગીરી યુધ્ધના ધોરણે થાય તે હેતુસર સુરત મહાનગરપાલિકાની સફાઈ કામગીરીની ટીમ તાકિદે અમરેલી ખાતે મોકલવા અંગે પ્રસાશન દ્વારા મ્યુ.કમિશનરશ્રીને જણાવવામાં આવેલ.આ અન્વયે અગાઉ તા.૨૬/૦૬/૨૦૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકાના વેસ્ટઝોન, સેન્ટ્રલઝોન અને કતારગામ ઝોનમાંથી સફાઈ ટીમ તૈયાર કરી, આ ટીમમાં ૦૧–આરોગ્ય નિરિક્ષક, ૦૩–મદદનીશ આરોગ્ય નિરિક્ષકો, ૦૨–મુકાદમ, ૦૪–ડ્રાઈવરો, ૦૨–કલીનરો અને ૫૫–સફાઈકામદારો / બેલદારો તથા ૦૨–પ્રચારગાડી, ૦૧–મીનીબસ અને ૦૧–ટ્રક તેમજ જરૂરી સફાઈના સાધનો, રીફલેકટેડ જેકેટ અને જંતુનાશક દવા / પાવડરના જથ્થા સહિત મોકલવામાં આવેલ.

પરંતુ અમરેલી શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાં હજી પણ સાફ–સફાઈ તથા આરોગ્યલક્ષી કામગીરી કરાવવાની બાકી રહેતી હોય,આ વિસ્તારોમાં સાફ–સફાઈ, આરોગ્યલક્ષી ,મેડીકલને લગતી કામગીરી અર્થે સુ.મ.પા.તરફથી વધુ ટીમ મોકલવવા બાબતે મા.મ્યુ.કમિશનરશ્રીને પ્રશાશન તરફથી મળેલ આદેશ મળેલ.જે અન્વયે તા.૨૯/૦૬/૨૦૧૫ સુરત મહાનગરપાલિકાના ઈસ્ટઝોન, સાઉથ ઈસ્ટ ઝોન,સાઉથ વેસ્ટઝોન અને સાઉથ ઝોન તથા વેકસીનેશન બ્રાંચ મળી સાફ–સફાઈની તથા મેડીકલ કામગીરી અંગેની જુદી જુદી ટીમો તૈયાર કરી મોકલવામાં આવેલ આ ટીમોમાં ૦૨– જુ.મેડીકલ ઓફીસર , ૦૧–આરોગ્ય નિરિક્ષક, ૦૫–મદદનીશ આરોગ્ય નિરિક્ષકો,૦૨–કલાર્ક કમ. કમ્પાઉન્ડ,૧૦–ડ્રાઈવરો, અને ૯૭–સફાઈકામદારો / બેલદારો તથા ૦૪–પ્રચારગાડી, ૦૨– મોબાઈલ ડિસ્પેન્સરી વાન અને ૦૨–ટ્રક તેમજ ૩૦,૦૦૦ નંગ કલોરીન ટેકલેટ, ૧૦૦૦ નંગ ઓઆરએસના પેકેટ, અસરગ્રસ્ત વિસ્તારો માટે જરૂરી દવાનો જથ્થો, જરૂરી સફાઈના સાધનો જેવા કે રીફલેકટેડ જેકેટ નંગ –૫૦, માસ્ક નંગ–૨૫૦ , બેગ, બ્રશ નંગ,– ૮૦ , ઉભા જાડુ નંગ– ૬૫,વાસના ટોપલા નંગ –૭૦,સ્કૂપર નંગ–૮૯ ,પાવડા નંગ–૨૨ અને જંતુનાશક દવા / પાવડરના જથ્થા જેવો કે લાઈમ ડસ્ટ –૨૫ બેગ, મેલેથીયન –૨૫ સહિત તા.૨૯/૦૬/૨૦૧૫ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મા.મેયરશ્રી,મા.ડે.મેયરશ્રી,મા.ધારાસભ્યશ્રી કુમારભાઈ કાનાણી, મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, મા.ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણીયા , સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ ,ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) અને ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં વરાછા ઝોન ખાતેથી અમરેલી શહેર ખાતે જવા રવાના કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

## નેચરપાર્ક ખાતે રાખવામાં આવેલ વાઘણ નામે સંભવી ની નાતંદુરસ્ત તબિયત

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**નેચરપાર્ક–ઝુ** |

નેચરપાર્ક ખાતે પાજંરામાં રાખવામાં આવેલ વાઘણ નામે સંભવીની આશરે સવા મહિના પહેલા પ્રસુતિ થયેલ હતી અને ત્રણ જિવીત બચ્ચાને જન્મ આપેલ જે પૈકી છેલ્લે આવેલ બચ્ચુ ઘણુ જ કમજોર અને ઓછા વજનનું હોય અને તેની માતા એ પણ તેની કાળજી લીધેલ ના હોય, ૧૩ દિવસ પછી મરણ પામેલ. આ ઉકત વાઘણ પ્રસુતિ પછી ૩૫ દિવસો સુધી ખુબ જ સ્વસ્થ હતી પરંતુ તા.૦૮/૬/૨૦૧૫ ના દિવસે તેણે એકાએક ખોરાક લેવાનું ઓછુ કરી દઈ બંને બચ્ચાઓ પ્રત્યે અવ્યવહારૂ અને બચ્ચાઓની કાળજી લેવાનું બંધ કરી દીધેલ અને દિવસો પસાર થતા તેઓએ ખોરાકને પણ ત્રણ–ચાર દિવસને આંતરે લેવાનું શરૂ કરેલ. તેના આ તમામ લક્ષણો રાત–દિવસ વાઘણની સેવા કરતા અને દેખરેખ રાખતા અધિકારી / કર્મચારીના ધ્યાન ઉપર આવતા ભારત ભરના વિવિધ ઝુ માં ફરજ બજાવતા પશુ તબીબી નિષ્ણાંતો / વેટરનરી કોલેજના મેડીસીન અને ગાયનેક વિભાગના વડાઓનો સંપર્ક કરી સારવાર શરૂ કરવામાં આવેલ તેમ છતા સદરહું વાઘણનું સામાન્ય ખોરાક લેવાનું શરૂ ન થતા સદરહું વાઘણની સોનોગ્રાફી કરાવવાનું નકકી કરેલ અને તે માટે નવસારી વેટરનરી કોલેજના ગાયનેકલોજીસ્ટ / પ્રોફેસરો દ્વારા તા.૨૫/૬/૨૦૧૫ ના રોજ વાઘણને બેભાન કરી પોર્ટેબલ સોનો ગ્રાફી મશીનથી પરિક્ષણ કરવામાં આવેલ તેમાં પણ ખોરાક ન લેવાનું ખાસ કારણ જાણી શકાયેલ નથી. તે ઉપરાંત આણંદ ખાતે ભારતના વેસ્ર્ટન રીઝીયનના વાઈલ્ડ લાઈફ કો. ઓર્ડિનેટર ડો. જાની ( વાઈલ્ડ લાઈફ કો. ઓર્ડિનેટર એન્ડ પ્રોફેસર ઓફ વેટરનરી મેડીસીન) ના દરરોજના સંકલનમાં રહી નાતંદુરસ્ત વાઘણની સારવાર ચાલુ છે. આવી નાતંદુરસ્ત વાઘણના લોહી અને મળ–મુત્ર ની અવાર–નવાર તપાસ કરવામાં આવે છે અને તેનું સતત મોનીટરીંગ કરી સારવાર આપવામાં આવી રહેલ છે. હાલ સદરહું વાઘણને હાયર એન્ટીબાયોટીક અને સ્ટીરોઈડ ની સારવાર ચાલુ છે તેમ છતા લેવાજોગ ખોરાક લેવાનું શરૂ કરેલ નથી. જે વાઘણના કોઈ ખાસ અવયવ કોઈ ભેદી ક્રોનિક ઈન્ફેકશન અથવા અસાધારણ ગાંઠ જે કેન્સરની પણ હોય શકે ની શકયાતા દર્શાવે છે. જો એક–બે દિવસમાં વાઘણની તબિયતમાં દેખાઈ આવે જેવો સુધાર ના થાય તો વાઘણને આણંદ વેટરનરી કોલેજના મેડીસીન વિભાગની સીધી દેખરેખ હેઠળ વધુ તબીબી સારવાર કરાવવાનું વિચારવામાં આવી રહેલ હોવાનું પ્રાણીસંગ્રહાલય એ એક યાદીમાં જણાવ્યુ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)

## પ્રેસનોટ

" સ્વચ્છ ભારત " અભિયાન અંતર્ગત તેમજ હાલમાં આવેલ ભારે વરસાદ અને વાવાઝોડા બાદ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના)ના બમરોલી, ભેદવાડના વિસ્તારોની ઘનિષ્ઠ સાફ–સફાઈ કરાવ્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે અગમ ચેતીનાં પગલાં રૂપે ફરીથી સાઉથ ઝોન(ઉધના) નાં કાર્યક્ષેત્રમાં આરોગ્ય વિભાગનાં બમરોલી વોર્ડ, વડોદ વોર્ડ તેમજ ભેદવાડ વોર્ડ વિસ્તાર ખાતે તા. ૨૮/૦૬/૨૦૧૫ નાં રોજ બપોરબાદ ની ગૃપ સફાઈ અનુક્રમે શાંતાનગર, પુનિતનગર, ભકિતનગર, વડોદ ખાતે ૩૧/૧ ભઈધઈકઈ આવાસ, વડોદ ગામતળ પટેલ ફળીયું, ગણેશનગર – ૧, ભેદવાડ જી.આઈ.ડી.સી. કોલોની વિસ્તારમાં કુલ – ૧૦૫ સફાઈ કામદાર ગોઠવી, ૦૬ સુપરવાઈઝર સ્ટાફની સીધી દેખરેખ હેઠળ ગૃપ સફાઈ કરાવી ટ્રેકટર–૦૩ દ્વારા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરાવેલ છે. સદર તમામ વિસ્તારની સફાઈ કરાવી, જંતુનાશક દવા, ૧૨૫૦ કિ.ગ્રા.ચૂનો, ૭૫ કિ.ગ્રા. મેલેથીઓન નો છંટકાવ કરાવેલ છે. ન્યુસન્સ કરતાં ૧૨ ઈસમો ને નોટીસ આપી કુલ –૧૫ ઈસમો પાસે થી વહીવટી ખર્ચ પેટે રૂા. ૧૫૦૦/– વસુલવામાં આવેલ છે.

વધુમાં તા.૨૮/૦૬/૨૦૧૫ નાં રોજ બમરોલી,ભેદવાડ વોર્ડ ઓફીસની આજુબાજુનાં વિસ્તારમાં આરોગ્યલક્ષી ચેકીંગ હાથધરી, રાત્રી દરમ્યાન ખાણી – પીણીની લારીઓ તેમજ અન્ય લારી ગલ્લાવાળા દ્વારા વિસ્તારમાં કચરો ફેકી ગંદકી ફેલાવતાં ઈસમો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જે દરમ્યાન કુલ–૪૦ સ્થળે ચેકીંગ કરી ન્યુસન્સકર્તા ૩૭ ઈસમો પાસેથી પ્લાસ્ટીકની ડીશ નંગ – ૧૭૫ જપ્ત કરી કાચનાં ગ્લાસ નંગ –૫૦ નો નાશ કરાવેલ છે. અને તમામ ન્યુસન્સકર્તા ને ડીસ્પોઝલ ગ્લાસ અને ડીશ વાપરવા કડક સુચના આપવામાં આવેલ છે. અખાદ્ય પદાર્થ –૪૫ કિલોનો નાશ કરાવી ન્યુસન્સ કરતાં કુલ – ૩૭ ઈસમો પાસેથી રૂા. ૯૦૦૦/– વહીવટી ખર્ચ પેટે વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૬/૦૬/૨૦૧૫ થી તા.૨૮/૦૬/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૪૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૧૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૪૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૨૦૩૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૪૦૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૨૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૦૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૮૮ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૯,૪૦,૫૮૧/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૮૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૬૪,૩૫૦/– અને આર.સી.ની ૪૭ એન્ટ્રીમાં રૂા.૧,૯૭,૫૦૦/– મળી કુલ રૂા.૨,૬૧,૮૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૨૦/–, રીન્યુઅલની ૦૫ એન્ટ્રીમાં રૂા.૨૪૦/– અને દંડની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૭૮,૭૧૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૨૮ ફાઈલોના રૂા.૬,૧૮,૯૨૩/– ની વસુલાત લેવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૬૬,૭૩૦/–, મિલ્કત ભાડાના રૂા.૨૫૮/–, મંડપ ચાર્જના રૂા.૬૫/–, દબાણ ચાર્જના રૂા.૪,૭૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧૦૦/– મળી કુલ રૂા.૭૧,૮૯૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૩૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૨૯.૦૬.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૮ ફાઈલના રૂા.૧૨.૬૩ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૩ લોકેશન(ખાડા) ૧૧૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૨૧૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૪૨ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૧૫ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૭૬૮૬/– વસુલ લેવામાં  આવેલ  તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૪૮ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૪૫ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૬.૫ર લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૩.૫૪ લાખ થયેલ છે.,૧૩ ભહ તથા ૧૫  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૭૮૬/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૨૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૫ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૮.૭૪૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૬ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૫૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૮૫૦ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૬૨૨૫  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૯૧ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૧૬૨ કરવામાં આવેલ છે. જયારે ૪૫ નોટીસ આપવામાં આવેલ  છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

**સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૬૩૭ ચુડગર મસ્જીદ પાસે, સોદાગરવાડ, સુરત વાળી સુડાના રીઝર્વેશનવાળી જગ્યામાં આશરે ૯૪૪ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ગ્રા.ફલોરનું ચણતર તથા પહેલામાળનું ચણતર અને આશરે ૫૭૩ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચેનલ ગર્ડરવાળો સ્લેબ તથા આર.સી.સી. સ્ટેરકેસ સહિતનું બાંધકામ તા.૨૯/૦૬/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.**

TOP

**–:: પ્રેસનોટ ::–**

તા.૨૯.૦૬.૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૧૧૦ | ૬૫ | ૧૮૧ | ૧૩૦૦૦ |
| વરાછા | ૧૧૯ | ૫૪ | ૨૯૪ | ૧૦૮૦૦ |
| રાંદેર | ૩૮ | ૨૭ | ૫૬ | ૪૦૦૦ |
| કતારગામ | ૨૨ | ૧૫ | ૨૦ | ૩૦૦૦ |
| ઉધના | ૫૦ | ૨૯ | ૩૪૬ | ૫૮૦૦ |
| લિંબાયત | ૭૯ | ૩૧ | ૩૪૦ | ૫૮૦૦ |
| અઠવા | ૧૫ | ૧૧ | ૧૨૬ | ૨૨૦૦ |
| કુલ | ૪૩૩ | ૨૩૨ | ૧૩૬૩ | ૪૪૬૦૦ |

TOP

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૩૦/૦૬/૨૦૧૫

## સુરત મહાનગરપાલિકા પૂર્વ(વરાછા)ઝોનના વિસ્તારમાં સરથાણા માં ડિમોલીશનની કામગીરી.

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૨ (સરથાણા–વાલક) ના ફા.પ્લોટ નં. ૪૮/એમાં આવેલ સરીતા વિહાર સોસાયટીનાં ટી.પી. રસ્તાની બાજુમાં મંજુર લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબના ૭.૫૦ મી. ના સોસાયટીના આંતરીક રસ્તા પર ગ્રા.બીમ તથા તેનાં ઉપર આશરે ૨ થી ૩ ફુટ ઉંચાઈની ચણતરની દિવાલનું આશરે૮૦૦૦.૦૦ ચો.ફુટ નું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે તથા આજ સોસાયટીમાં ૪૦.૦૦ ફુટના ટી.પી. રસ્તામાં આવતું આશરે ૪૦૦.૦૦ ચો.ફુટનું ગ્રા.બીમ તથા ઈંટના ચણતરનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં...474...<br>
તા.૩૦/૦૬/૨૦૧૫

TOP

## પ્રેસનોટ

વરાછા (ઈસ્ટ) ઝોન વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ શકિત વિજય ઝુપડપટ્ટીનાં–૩૩, તાપી સ્ટ્રીટ ઝુપડપટ્ટીનાં–૦૨, પટેલનગર હળપતિવાસ ઝુપડપટ્ટીનાં–૦૧, જુની ટાંકીપાળ ઝુપડપટ્ટીનાં–૦૧,દિનદયાળનગર ઝુપડપટ્ટીનાં–૦૧, જવાહરનગર ઝુપડપટ્ટીનાં–૧૩, ખાંડબજાર રેલ્વે કોલોની ઝૂપડપટ્ટીનાં–૦૧, ધરતીનગર ઝુપડપટ્ટીનાં–૦૬ માન્ય યાદીનાં લાભાર્થીઓ મળી કુલ–૫૮ લાભાર્થીઓને ટી.પી. ૬૯(ગોડાદરા–ડીંડોલી), ફા.પ્લોટ નં. ૧૮૧–આર–૭ તથા ટી.પી.–૯(પાલનપુર–ભેંસાણ), ફા.પ્લોટ નં. ૧૭૬ ખાતેનાં સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા વદ્યદગચોઢખકગ. અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૨૯.૦૬.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વરાછા ઝોન ઓફિસ ખાતે, વરાછા ઝોનના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ટી.પી.સ્કીમ નં. ૮(ઉમરવાડા)માં સમાવિષ્ટ કોમર્શીયલ મિલ્કતોને કાબુમાં લેવા માટે ટી.પી.રોડ સાઈડ માર્જીનોમાં થયેલ કાચા પાકા દબાણો હોવાથી વકરતી જતી ટ્રાફિક સમસ્યા તેમજ મંજુર પ્લાન વિરૂધ્ધ પાર્કિંગ સ્પેશ કવર્ડ કરી દુકાનો / ગોડાઉનો  તેમજ મંજુર પ્લાનમાં દર્શાવેલ કોમન પેસેજને દુકાનોમાં ફેરવી ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની ઝુંબેશ આજરોજ તા.૩૦/૦૬/૧૫ ના રોજ હાથ ધરવામાં આવેલ છે.જે અંતર્ગત આજરોજ  ટી.પી.સ્કીમ નં.૮(ઉમરવાડા)ના ફા.પ્લોટ નં. ૭૬ પૈકીમાં સરદાર માર્કેટ સંલગ્ન વિસ્તારમાં આવેલ શ્રીનાથ ટ્રાવેલ્સ ,ડિસન્ટ હોટલ,સોમનાથ રેસ્ટોરન્ટ વાળી કોર્મશિયલ  ઈમારતોના સુરત બારડોલી મુખ્ય રસ્તાને લાગુ પડતા રોડ સાઈડ માર્જીનનો પાર્કિંગ હેતુ ઉપયોગ કરવાનો હોવા છતા મિલ્કતદારો દ્વારા હયાત રોડ લેવલથી ઉંચુ માર્જીન રાખેલ તેમજ દિવાલો વિગેરેથી માર્જીનમાં વાહનો માટે નોન એપ્રોચેબલ હોય તે રીતે બનાવવામાં આવેલ જેને રોડ લેવલે કરવા માટે જે.સી.બી.બ્રેકર મશીનનો ઉપયોગ કરવામાં આવેલ જેને પગલે લિંબાયત ઝોન કચેરી દ્વારા ૩૦ થી વધુ બેલદારો ખાનગી એજન્સી સહિતના કાફલા દ્વારા જે.સી.બી.મશીનો તથા ૧ ટ્રક વિગેરે મદદથી દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરવામાં આવેલ છે.  જે અન્વયે શ્રીનાથ ટ્રાવેલ્સ દ્વારા સ્વખર્ચે દિન–૭(સાત)માં પાર્કિંગ રોડ લેવલે કરવા બાંહેધરી આપેલ છે. ત્યારબાદ" સોમનાથ રેસ્ટોરન્ટ" ની રોડ સાઈડ માર્જીનમાં બનાવવામાં આવેલ આશરે ૨૫૦ ચો. ફુટ માપની પતરાની કેનોપી  સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. અને સદરહું જગ્યાએ આવેલ કાશી પ્લાઝા બિલ્ડીંગમાં આશરે ૧૨' × ૧૫' માપવિસ્તારમાં આવેલ ટોયલેટ બ્લોક ને. રૂમોમાં ફેરવવામાં આવેલ જે તોડી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. તથા આશરે ૫૦૦ ચો.ફુટ માપવિસ્તારમાં  આવેલ ગ્રીલ વર્ક  દુર કરવામાં આવેલ છે. અને મિલ્કતદાર પાસેથી રૂા.૧૦૦૦૦/– દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે.સદરહુ  બાંધકામ દુર કરવામાં આવતા ગેરકાયદેસર બાંધકામ કરવાની પ્રવૃતિ પર રોક લાગશે.  સદરહુ કામગીરીમાં  સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોન કચેરીનો આસી.ઈજનેરો , ડેપ્યુટી ઈજનેરો,દબાણ ખાતાનો સ્ટાફ તેમજ પ્રાઈવેટ એજન્સીના ૧૫ માણસો  રોકાયેલ.તથા આ લખાય છે ત્યાં સુધી સદરહુ કામગીરી ચાલુ રહેવા પામેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૯/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૦૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૫૩૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૦૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૪૧૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૨,૪૦,૮૦૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૨૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૭ એન્ટ્રીમાં રૂા.૧,૨૪,૩૩૦/– અને આર.સી.ની ૬૯ એન્ટ્રીમાં રૂા.૨,૦૭,૬૩૦/– મળી કુલ રૂા.૩,૩૧,૯૬૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧૨૦/–, રીન્યુઅલની ૧૪ એન્ટ્રીમાં રૂા.૮૫૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૨૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૬ ફાઈલોના રૂા.૩,૦૪,૨૦૭/– ની વસુલાત લેવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૦૯,૫૦૦/–, મિલ્કત ભાડાના રૂા.૨,૦૫૨/–, દબાણ ચાર્જના રૂા.૨,૯૨૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨૮૦૦/– મળી કુલ રૂા.૧,૧૭,૨૭૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં ગુડા એકટ–૨૦૧૧ હેઠળની અરજીઓ અન્વયે ભરપાઈ કરવા પાત્ર બાકી રહેતા નાણા ભરપાઈ કરવા સામે વારંવાર ટેલિફોનીક તેમજ રૂબરૂ મૌખિક સમજ મિલ્કતદારોને આપ્યા છતા આજદિન સુધી નાણા મિલ્કતદારો દ્વારા ભરપાઈ કરવામાં ન આવતાં અત્રે તા.૨૯/૦૬/૧૫ થી કોમર્શીયલ હેતુસરની મિલ્કતોમાં નાણા વસુલાત અંગેની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં મિલ્કત સીલ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરેલ. જેના પરિણામરૂપે રૂા.૨૧,૩૯,૦૬૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. તેમજ રૂા.૧,૪૮,૪૮૦/– ભરપાઈ ન કરતા એક કોમર્શીયલ મિલ્કતને સીલ કરવામાં આવેલ છે. વધુમાં જણાવવાનું કે, કોમર્શીયલ મિલ્કતોમાં નાણા વસુલાત અંગેની ઝુંબેશ ચાલુ રહેનાર છે તથા આગામી દિવસોમાં પણ રહેણાંક તેમજ અન્ય હેતુસરની મિલ્કતોમાં ઈમ્પેકટ ફીના નાણા ભરપાઈ કરવાના બાકી હોય તેવી મિલ્કતોમાં પણ આ પ્રકારની સીલ મારવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે તેમજ નાણા વસુલાતની કાર્યવાહી ચાલુ રહેનાર છે.

ઉપરોકત કામગીરી અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ તેમજ દબાણ વિભાગ તથા સીકયોરીટી સ્ટાફ સાથે રાખી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૩૦.૦૬.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૮ ફાઈલના રૂા.૧૨.૬૪ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૫ લોકેશન(ખાડા)૪૨૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૩.૯૪૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૭ લોકેશન(ખાડા) ૨૮૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૧૯૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૬ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૧ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૧૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૧૫ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૮૪ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૬.૩૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૫.૦૭ લાખ થયેલ છે.,૨૬ ભહ તથા ૧૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૦૦૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૧૨ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૧ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૫ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૧૧ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૬.૮૮૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૬ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૯૫૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૦૮૮ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૪૧૫૨ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૭૬ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૯૭૭ કરવામાં આવેલ છે. જયારે ૩૬ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૩૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :-**

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૪૪૯ સોદાગરવાડ, સુરત વાળી મિલ્કતમાં વગર પરવાનગીએ મિલ્કતના હિત ધરાવનારા દ્વારા પાંચમાં માળે આશરે ૫૫ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ સ્લેબ તથા લીફટવાળો ભાગ અને આશરે ૨૨૫ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ શટરીંગ સહિતનું બાંધકામ તા.૩૦/૦૬/૧૫ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ...480.............
તા.૩૦/૦૬/૨૦૧૫

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૨૨/૦૬/૨૦૧૫ થી તા.૨૮/૦૬/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૩,૫૯૦/–, વેસ્ટઝોન – રૂા.૫,૨૭૦/–, સાઉથઝોન – રૂા.૫,૭૫૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧૪,૧૦૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૧૩,૫૦૦/–, નોર્થઝોન – રૂા.૧૦,૬૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૩,૪૫૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૭૬,૨૬૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## ગુજરાત / સ્ટેટ ટેબલ ટેનિસ એસોસીએશન

## પ્રેસ રીલીઝ

### ભારતની છઠ્ઠી અને ગુજરાતની સર્વપ્રથમ કોમનવેલ્થ ટેબલ ટેનિસ એસોસીએશનનું સુરત ખાતે આયોજન

ગુજરાતના સર્વાધિક પ્રગતિશીલ તેમજ હીરાઉદ્યોગ અને ટેક્ષટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝ માટે વિખ્યાત એવું સુરત પોતાની પ્રતિષ્ઠામાં વધુ એક અનેરી સિધ્ધિ ઉમેરવા જઈ રહયું છે. આગામી ૨૭ ઓક્ટોબર થી ૧ નવેમ્બર ૨૦૧૫ દરમિયાન સુરતના અઠવાલાઈન્સ ખાતેના પંડિત દિનદયાળ ઈન્ડોર સ્ટેડીયમ ખાતે વીસમી કોમન વેલ્થ ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે અને તે સાથે જ સુરત પણ વિશ્વભરમાં ખ્યાતિ મેળવશે.







આ પુર્વે મુંબઈ ખાતે ૧૯૮૨ માં, હૈદરાબાદ ખાતે ૧૯૯૪માં, નવી દિલ્હી ખાતે ૨૦૦૧ અને ૨૦૧૩માં તેમજ જયપુર ખાતે ૨૦૦૭માં કોમનવેલ્થ રમતોત્સવનું આયોજન થઈ ચુકયું હોવાથી ભારતમાં આ પ્રતિષ્ઠિત સ્પર્ધાનું કુલ છઠ્ઠી વખત અને ગુજરાત ખાતે પ્રથમવાર સુરતમાં આ સ્પર્ધા યોજાશે. સાચા અર્થમાં તો ગુજરાત અને સુરત ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરની ટેબલ ટેનિસ સ્પર્ધા યોજવાનો આ પ્રથમ જ અવસર છે.

સુરત ખાતે યોજાનારી છ દિવસીય કોમનવેલ્થ ટેબલ ટેનિસ સ્પર્ધા દરમિયાન પુરૂષોની સિંગલ્સ, મહિલાઓની સિંગલ્સ, પુરૂષોની ડબલ્સ, મહિલાઓની ડબલ્સ તેમજ મિક્ષ્ડ ડબલ્સ ઉપરાંત પુરૂષોની તથા મહિલાઓની ટીમ ચેમ્પીયનશીપ્સ પણ યોજાશે જેમાં ૨૫ થી પણ વધુ દેશોના સ્પર્ધકો ભાગ લેનાર છે.

૧૯૭૧માં સીંગાપોર ખાતે સ પ્રથમવાર કોમનવેલ્થ રમતોત્સવનું આયોજન થયું હતું. છેલ્લે ભારતમાં ૨૦૧૩માં આ સ્પર્ધા યોજાય હતી. જેમાં ભારતે પુરૂષોની ટીમ ઈવેન્ટમાં રજત ચંદ્રક અને મહિલાઓની ટીમ ઈવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીતવા ઉપરાંત બાકીની બધી અન્ય કેટેગરીમાં પણ કાંસ્ય ચંદ્રકો કબજે કર્યા હતાં.

ભારતના બે પીઢ ખેલાડીઓ શરથ કમલ અને મૌમા દાસે ટીમ ઈવેન્ટ સહિત ત્રણ ત્રણ ચંદ્રકો જીત્યા હતાં. આ બંનેએ સીંગલ્સમાં કાંસ્યચંદ્રક કબજે કરવાની સાથોસાથ પુરૂષોની ડબલ્સ તથા મિક્ષ્ડ ડબલ્સમાં પણ કાંસ્યચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી.

એટલે આ વેળાની સ્પર્ધામાં પણ શરથ કમલ અને મૌમા દાસ પાસે ભારત વધુ એકવાર ગૌરવવંતા દેખાવની અપેક્ષા રાખે છે. તે ઉપરાંત સૌમ્યજીત ઘોષ, સ્થાનિક હીરો હરમીત દેસાઈ તથા રાષ્ટ્રીય ચેમ્પિયન અંકિતા દાસને પણ આ વેળાની સ્પર્ધામાં પોતાનું કૌશલ્ય પુરવાર કરવાની સુવર્ણ તક સાંપડશે. જો કે આ સ્પર્ધા શરૂ થવાને હજી ચારેક મહીના બાકી હોવાથી કયો ખેલાડી ભારત વતી રમશે તે બાબતે હાલમાં અનુમાન કરવું અઘરૂં છે.

છતાં હકીકતમાં તો ભારતીય ટીમ ૨૦૧૩ની દિલ્હી ખાતેની કોમનવેલ્થ ગેમ્સ કરતાં આ વેળા વધુ ઉજળો દેખાવ કરી વધુ ચંદ્રકો જીતવા કટીબધ્ધ છે. છતાં એ બાબત ભુલાવી ન જોઈએ કે દિલ્હી ખાતેની સ્પર્ધામાં માત્ર ૧૪ દેશોએ જ ભાગ લીધો જયારે સુરત ખાતેના સ્પર્ધક દેશોની સંખ્યા કદાચ ૩૦ને પણ આંબી જાય તો નવાઈ નહી.

TOP

ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ટી.ટી.એફ.આઈ.)ના સેક્રેટરી જનરલ ધનરાજ ચૌધરીએ જણાવ્યું હતું કે, અધિકૃત કેમ્પની તાલીમ પછી પ્રકાશમાં આવેલા યુવાન તેમજ અનુભવી ખેલાડીઓ ભારતનું નામ રોશન કરવા થનગની રહયા છે. ગુજરાતના સુરત ખાતે પ્રથમ જ વાર કોમનવેલ્થ જેવી આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ રહી હોવાથી સ્પર્ધક ખેલાડીઓના દેખાવ પર બધાની નજર રહેશે. હરમીત દેસાઈ અને દેવેશ કારીઆ, જેવા ગુજરાતના ખેલાડીઓ પણ તક મળે તો સ્થાનિક ટેકેદારો તેઓનો ઉત્સાહ બેવડાવી શકે છે.




આ સ્પર્ધામાં યોજવાની જવાબદારી સ્વીકારનાર ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસીએશન (જી.એસ.ટી.ટી.એ.)ની પણ ચૌધરીએ મુકતપણે પ્રશંસા કરી હતી. તેઓએ આત્મવિશ્વાસપૂર્વક જણાવ્યું હતું કે જી.એસ.ટી.ટી.એ.ના સત્તાધીશો આ સ્પર્ધાને સફળ બનાવવા માટે કોઈ કસર છોડશે નહિ તથા સ્પર્ધા યાદગાર પુરવાર થશે.

જી.એસ.ટી.ટી.એ.ના પ્રમુખ વિપુલ મિત્રા (આઈ.એ.એસ.) દ્વારા સર્વ સત્તાધીશ આયોજક કમીટીની પણ રચના કરવામાં આવી છે. જે કમીટીના ચેરમેન સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનના મ્યુ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે (આઈ.એ.એસ.) છે. આ કમીટીમાં વિપુલ મિત્રા સહિતના ઉચ્ચ પદાધિકારીશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિપુલ મિત્રાના જણાવ્યા અનુસાર વિવિધ રમતોને પ્રોત્સાહીત કરવાની ગુજરાત રાજયની નીતિના કારણે ટેબલ ટેનિસ જેવી રમતને પણ જબરજસ્ત સહકાર અને પ્રોત્સાહન સાંપડયું છે. કેરાલા ખાતેની નેશનલ ગેમ્સમાં ગુજરાતે કરેલા પ્રશંસનીય દેખાવને ધ્યાનમાં રાખીને તેઓએ જણાવ્યું હતું કે " સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સહકારથી ગુજરાતના ખેલાડીઓને નોર્થ કોરીઆના કોચના હાથ હેઠળ ટ્રેનીંગ પ્રાપ્ત થઈ છે. ભાવનગર ખાતે પણ ટેબલ ટેનિસના ઉગતા સિતારાઓને ઓળખી કાઢવા એક વર્ષ માટેની કલીનીક યોજાઈ હતી કે જે પરીબળો ગુજરાતના ટેબલ ટેનિસ ખેલાડીઓનું રમત ધોરણ ઉંચું લાવવામાં નિશ્ચિતરૂપે મદદરૂપ બનશે." જીલ્લા કક્ષાએ પણ તેઓએ આવી જ નીતિ અપનાવવા જણાવ્યું હતું.

કોમનવેલ્થ ટેબલ ટેનિસ સ્પર્ધા સુરત ખાતે યોજાનાર છે. એવી જાણ થતાં જ સમગ્ર ગુજરાતના ટેબલ ટેનિસ ચાહકોના આનંદની કોઈ સીમા રહી નથી. સત્તાધીશો તો સુરત ખાતે ટેબલ ટેનિસ એકેડમી સ્થાપવા પણ ગંભીરપણે વિચારી રહયા છે. એવું સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનના કમિશનર મિલિન્દ તોરવણે (આઈ.એ.એસ.)એ જણાવ્યું હતું. તેઓએ વધુમાં કહયું હતું કે સુરત ટેબલ ટેનિસ હબ બની ચુકયું હોવાથી સુરત ખાતે ભવિષ્યમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ યોજાતી રહેશે એ નિશ્ચિત છે.

સુરત ખાતેની કોમન વેલ્થ ટેબલ ટેનિસ સ્પર્ધા દરમિયાન દેશ વિદેશના ખેલાડીઓ તેમજ પદાધિકારીઓ માટે રહેઠાણ સંદર્ભે મિલિન્દ તોરવણેએ જણાવ્યું હતું કે સુરતમાં તો હવે ઉચ્ચ દરજજાની અનેક હોટલો છે અને ગુજરાતીઓ તો મહેમાનગીરી બાબતે ટોચના સ્થાને રહેતા હોવાથી તેઓ કોઈ કસર છોડશે નહી.

ટી.ટી.એફ.આઈ.ના સેક્રેટરી જનરલ ધનરાજ ચૌધરીએ આનંદપૂર્વક જણાવ્યું હતું કે " સુરત ખાતેની સ્પર્ધામાં ઓસ્ટ્રલિયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, નાઈજીરીઆ, વેલ્સ, સ્કોટલેન્ડ, દક્ષિણ આફ્રિકા, મલેશિયા તેમજ સીંગાપોર સહીતના અનેક દેશો ભાગ લઈ રહયા હોવાથી ગુજરાત તથા આસપાસના ટેબલ ટેનિસ ચાહકોને વિદેશી ખેલાડીઓની પ્રત્યક્ષ ઝલક જોવાની સાથોસાથ તેઓની રમત નિહાળવાનો પણ લ્હાવો સાંપડશે. તે ઉપરાંત ભારતના ખેલાડીઓને પણ વિદેશી ખેલાડીઓની ટેકનિક જાણવાની તક પ્રાપ્ત થશે. દિલ્હી ખાતેની ૨૦૧૩ની કોમનવેલ્થ ગેમ્સમાં માત્ર ૧૪ દેશોએ ભાગ લીધો હતો જયારે સુરત ખાતેની આ વેળાની સ્પર્ધામાં લગભગ ત્રીસેક દેશો ભાગ લેનાર હોઈ દરેકે દરેક સ્પર્ધક માટે ચંદ્રક જીતવાનો માર્ગ કાંટાળો પુરવાર થશે અને તે કારણે સર્જાનાર સંઘર્ષનો આનંદ ટેબલ ટેનિસ વિશ્વ ઉઠાવી શકશે.

TOP

## પ્રેસ નોટ

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ના સબઝોન–૨ હેઠળના વિસ્તારમાં ડ્રેનેજ મેઈન્ટે. ની કામગીરી મીઠીખાડી વોર્ડ ઓફિસ ખાતેથી હાથ ધરવામાં આવતી હોય છે. જેમાં એસ.એસ.આઈ. શ્રી ગીરીશભાઈ ભાદરકા ફરજ બજાવે છે. આજરોજ સવારે ૮:૩૦ કલાકે શ્રી ભાદરકા ડ્રેનેજ બેલદારોને મીઠીખાડી વોર્ડઓફિસ ખાતે કામની સોંપણી કરતા હતા. જે દરમ્યાન સ્થાનીક મ્યુ.સભ્યશ્રી અકરમભાઈ અન્સારી નો ફોન આવેલ. તેઓએ ભાદરકા એસ.એસ.આઈને ને રમાબાઈ ચોક ખાતે તાત્કાલીક આવવા જણાવેલ. પરંતુ ડ્રેનેજ બેલદારોને કામની સોંપણી બાકી હોવાથી, તે પુરી થયા બાદ સ્થળ પર પહોંચવા શ્રી ભાદરકા એ જણાવેલ. પરંતુ તેમના આ જવાબથી અસંતોષ પામી શ્રી અકરમભાઈ અન્સારી મીઠીખાડી વોર્ડ ઓફિસ પહોંચી ગયા. ત્યારે મીઠીખાડી વોર્ડ ઓફિસ ખાતે ડ્રેનેજ મેઈન્ટે. સ્ટાફ જેમાં આસી.ઈજનેરશ્રી ભોંયા, સુપર. શ્રી દવાડે તથા અન્ય ડ્રેનેજ બેલદારોની હાજરીમાં જોરથી તમાચો મારી, ઉગ્ર ભાષામાં ગાળ ગલોચ કરી અસભ્ય વર્તન કરેલ. જેના પરીણામે ડ્રેનેજ મેઈન્ટે. સ્ટાફ લિંબાયત પોલીસ સ્ટેશન ખાતે પહોંચી ફરજ પરના સ્ટાફને શારિરીક હાની પહોંચાડવા બદલ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી. જેના પરિણામે લિંબાયત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી તપાસ ચાલુ કરેલ છે.

TOP

## પ્રેસનોટ

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં તા.૩૦/૦૬/૨૦૧૫,ના રોજ વ્યવસાયવેરા વિભાગ દ્વારા રૂ.૨.૦૦ લાખથી વધુની વસુલાત

સાઉથ ઈસ્ટ લિંબાયતના વ્યવસાયવેરા વિભાગ તથા જમીન મિલ્કતવિભાગ દ્વારા મોટા પાયે વસુલાત ની જુબેશ હાથ ધરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા વસુલાતની ઝુંબેશ ના ભાગરૂપે તા.૩૦/૦૬/૨૦૧૫,ના રોજ આંબેડકર શોપીંગ સેન્ટર માનદરવાજા ખાતે વ્યવસાયવેરા વસુલાત ઝુબેશ હાથ ધરવામાં આવેલ હતી.જેમા લિંબાયત ના એડી.સીટી.ઈજનેર શ્રી.જે.કે.શાહ ના માગદર્શન હેઠળ આસી.કમિશ્નરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા વ્યવસાયવેરા વિભાગ અને જમીન મિલ્કત વિભાગ ના સ્ટાફ દ્વારા ઝુંબેશ કરવામાં આવેલ હતી.જેમા વ્યવસાયવેરા વિભાગ દ્વારા બાકી વ્યવસાયવેરા પેટે રૂા.૫૦,૦૦૦/– અને જમીન મિલ્કત દ્વારા દુકાનો ભાડા પેટે રૂા.૧,૭૫,૦૦૦/– જેટલી ભાડાની વસુલાત કરવામાં આવેલ હતી તેમજ લાંબા સમયથી મિલ્કતનું ભાડુ બાકી હોય તેવી એક દુકાન ને સીલ કરવામાં આવેલ છે.

વધુ માં વ્યવસાયવેરા વસુલાત તથા મિલ્કતના ભાડા વસુલાત ઝુંબેશની સાથોસાથ જાહેશ ફુટપાથ પર સંસ્થા / દુકાનદારો કરવામાં આવેલ નાના મોટા દબાણ દુર કરવામાં આવેલ છે.સુરત મહાનગરપાલિકા ના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે તમામ શોંપીગ સેન્ટર તથા કાપડ માર્કેટોમાં આવનાર દિવસોમાં વ્યવસાયવેરા વસુલાતની સધન ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.આથી તમામ બાકી દુકાનદારો / વ્યવસાયકર્તા ઓને તાકીદ કરવામાં આવે છે.કે તમારી સંસ્થા / વ્યવસાયનો વ્યવસાયવેરો ભરી સુરત શહેર ના વિકસમાં સહભાગી થવા અપીલ કરવામાં આવે છે.

TOP

**સુરત મહાનગરપાલિકા**

**જાહેર આરોગ્ય વિભાગ**

**પ્રેસ નોટ**

**સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોની રાત્રી સ્કેપીંગ–બ્રશીંગની કામગીરી રોજીંદા કામદારો – સુપરવાઈઝરો રોકી ખાતાકીય રાહે કરાવવામાં આવી રહેલ છે. સદર કામગીરીમાં રોકવામાં આવતાં રોજીંદા કામદારો તથા સુપરવાઈઝરોને કામગીરીનું માસિક વેતન રોકડમાં / બેંક મારફતે એમ બે પધ્ધતિથી ચુકવવામાં આવતું હતું, જે હવે પછી મહાનગરપાલિકાની પ્રણાલી અનુસાર માત્ર બેન્ક મારફતે જ જે–તે કામદારો – સુપરવાઈઝરોના ખાતામાં જમા કરાવી ચુકવવાનું નકકી કરવામાં આવેલ છે, જે અંગેની જરૂરી ઘટીત કાર્યવાહી તમામ ઝોન મારફતે પુર્ણ કરવામાં આવેલ હોઈ, શહેરના સાત ઝોન વિસ્તારોની રાત્રી સ્કેપીંગ–બ્રશીંગની કામગીરીમાં રોકાયેલ તમામ રોજીંદા કામદારો – સુપરવાઈઝરોને તેઓનું માસિક વેતન, હવે પછી માત્ર અને માત્ર બેંક મારફતે જ ચુકવવામાં આવનાર છે.**

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૦૧.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૪ ફાઈલના રૂા.૧૦.૨૩ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૩ લોકેશન(ખાડા)૨૦૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૩.૬૪૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૪ લોકેશન(ખાડા) ૧૭૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૫ લોકેશન ૨૦૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા કુલ–૬૬ નંગ જાળિયા સફાઈ તથા કુલ–૨૧ નંગ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૭૧૩૭/– વસુલ લેવામાં  આવેલ  તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૫૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૮૭ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક  રૂા.૮.૦૦ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૧.૫૯ લાખ થયેલ છે.,૦૯ ભહ તથા ૦૪  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૧૩૭/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૪ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૨ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૧.૦૯૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૬ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૦,૫૦૦/– છે તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૪૧૦ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૫૩૧૬  બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૮૪ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૦૧૬ કરવામાં આવેલ છે. જયારે ૩૬ નોટીસ આપવામાં આવેલ  છે. તથા વહીવટી ખર્ચ પેટે  રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

## સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " વિરોધી માસ અભિયાન અંતર્ગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :

સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મ્યુ.કમિશનરશ્રીના આદેશનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના વડા શ્રી સી.વાય.ભટ્ટ ના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ.પટેલની સુચના મુજબ તા.૦૧/૦૭/૧૫ ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિના અતકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગની ૦૫ (પાંચ) ટીમ બનાવી વેસુ યુનિટના વિસ્તારમાં આવેલ બાંધકામમાં મચ્છરની ઉત્પતિ બાબતે ઘનિષ્ઠ સર્વેલન્સની કામગીરીની ઝુંબેશ હાથ ઘરવામાં આવેલ આ ઝુંબેશ દરમ્યાન રાજહંસ કોસમિક, આકાશ ગ્રીન, ડોકટર હાઉસ, ડ્રિમ હેરીટેજ, બ્લોસમ, ફલોરન્સ, કોનીક, ક્રિસ્ટલ એપાર્ટ, આગમ ઓર્ચિડ, હેપ્પી ગ્લોરીયસ, ગોકુલ રેસી., લીજન્ડ, જશ રેસી., હેપ્પી એલેન્જા, ફીયોના, ઓમ આઈકોન, રઘુવીર સેલ,  મુખ્ય મંત્રી આવાસ વિગેરે બાંધકામોમાં કુલ ૨૭ બ્રિડીંગ મળી આવતાં તેનો નાશ કરવામાં આવેલ તેમજ બાંધકામની કામગીરી દરમ્યાન મચ્છરોની ઉત્પતિ રોકવા બાબતે બેકાળજી દાખવનારા બાંધકામના માલિકો પાસેથી કુલ રૂા.૧,૦૭,૨૦૦/– વહીવટી વસુલાત લેવામાં આવેલ. વધુમાં બાઘકામો માં કામ કરતાં મજુરોના કુલ– ૧૫૦ લોહીના નમૂના મેલેરીયા નિદાન માટે લેવામાં આવેલ.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતા ને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વધુમાં વધુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૦/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૯ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૮૧૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૭૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨,૦૫૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૮૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૧,૮૧,૦૮૯/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૮૭ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૭ એન્ટ્રીમાં રૂા.૮૮,૩૨૦/– અને આર.સી.ની ૫૦ એન્ટ્રીમાં રૂા.૧,૭૬,૦૯૦/– મળી કુલ રૂા.૨,૬૪,૪૧૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૬૦/–, રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૪૫૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી તેમજ નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧,૦૨,૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૨૩ ફાઈલોના રૂા.૧,૫૯,૩૮૪/– ની વસુલાત કરવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૩૧,૦૮૬/–, મંડપ ચાર્જના રૂા.૩૮૭/–, દબાણ ચાર્જના રૂા.૪,૩૮૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૬૫૦/– મળી કુલ રૂા.૧,૩૭,૫૦૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૧ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

**સુરત મહાનગરપાલિકા**

**જાહેર આરોગ્ય વિભાગ**

**પ્રેસ નોટ**

**સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારોની રાત્રી સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી રોજીંદા કામદારો – સુપરવાઈઝરો રોકી ખાતાકીય રાહે કરાવવામાં આવી રહેલ છે. સદર કામગીરીમાં રોકવામાં આવતાં રોજીંદા કામદારો તથા સુપરવાઈઝરોને કામગીરીનું માસિક વેતન રોકડમાં / બેંક મારફતે એમ બે પધ્ધતિથી ચુકવવામાં આવતું હતું, જે હવે પછી મહાનગરપાલિકાની પ્રણાલી અનુસાર માત્ર બેન્ક મારફતે જ જે–તે કામદારો – સુપરવાઈઝરોના ખાતામાં જમા કરાવી ચુકવવાનું નકકી કરવામાં આવેલ છે, જે અંગેની જરૂરી ઘટીત કાર્યવાહી તમામ ઝોન મારફતે પુર્ણ કરવામાં આવેલ હોઈ, શહેરના સાત ઝોન વિસ્તારોની રાત્રી સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરીમાં રોકાયેલ તમામ રોજીંદા કામદારો – સુપરવાઈઝરોને તેઓનું માસિક વેતન, હવે પછી માત્ર અને માત્ર બેંક મારફતે જ ચુકવવામાં આવનાર છે.**

**TOP**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પૂરી પાડવામાં આવતી તમામ સેવાઓ સંતોષકારક રીતે પૂરી પાડવા કાયમ કટિબધ્ધ છે. જેના ભાગરૂપે વેસ્ટ (રાંદેર) ઝોન વિસ્તારમાં, અડાજણ જોગાણીનગર જળવિતરણ મથક ખાતે આવેલ ઓવરહેડ ટાંકી ખાતે ૧૫૦૦ મી.મી. વ્યાસના બટર ફલાય વાલ્વ રીપેરીંગને લગતી અગત્યની કામગીરી તા.૦૪/૦૭/૨૦૧૫ નાં રોજ હાથ ધરવામાં આવનાર છે. જેથી વેસ્ટઝોનના રાંદેર ગામતળ, ગોરાટ રોડ, રામનગર, રામનગરથી મોરાભાગળ સુધીની સોસાયટીનો તમામ વિસ્તાર, જહાંગીરપુરા, જહાંગીરાબાદ ટી.પી. ૪૨ થી ૪૬, દાંડી રોડ, ઉગત રોડ તથા અડાજણ ટી.પી. ૩૧,૩૨ વિસ્તારમાં દરરોજ સાંજે ૫.૩૦ થી ૮.૩૦ દરમ્યાન અપાતો પાણી પુરવઠો, તા.૦૪/૦૭/૨૦૧૫ ના રોજ સાંજે ૮–૦૦ થી ૧૧–૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ આપવામાં આવશે. જેથી ઉકત વિસ્તારોમાં પાણી પુરવઠો મોડો મળવા/ઓછા દબાણથી મળવાની શકયતા રહેલી છે. જેની જાહેર જનતાએ તકેદારી પૂર્વક નોંધ લઈ જરૂરી પાણી પુરવઠો આગોતરો મેળવી લેવા વિનંતી. વધુમાં જરૂર જણાયથી જોગાણીનગર જળવિતરણ મથક ઉપરથી પાણીના ટેન્કરોની ઉપલબ્ધી થઈ શકશે. જે બાબતે જેના ફોન નંબર ૦૨૬૧–૨૭૩૪૪૧૭ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કામગીરી પૂર્ણ થયેથી આગોતરી જાણ કર્યા સિવાય પાણી પુરવઠો રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી.

નાગરીકોને પડનારી અગવડ બદલ સંબંધિત અસરકર્તા શહેરીજનોના સહકારની અપેક્ષા સહ.

TOP

## પ્રેસનોટ

સાઉથ–ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં  કમરૂનગર રીડેવલપમેન્ટ પ્રોજેકટમાં નડતરરૂપ કમરૂનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૬૦૫ લાભાર્થીઓને વદ્યદગચોઢખકગ. ચભમમભઅભીફ.ોભદત યોજના અંતર્ગતના ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત) ફા.પ્લોટ નં. ૪૧ ત્ર આર–૨૧ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૦૧/૦૭/૨૦૧૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મંગલ પાંડે હોલ, ગોડાદરા, લિંબાયત ઝોન  ખાતે લિંબાયત ઝોન અને સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓ તથા સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતી મીતાબેન અનિલભાઈ ચૌહાણ તેમજ સ્થાનિક મ્યુ.સભ્યશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચ્ચુ લાવી શકાશે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોન અખબારી યાદી

## તા.૦૨/૦૭/૨૦૧૫

## માસ જૂન–૨૦૧૫ દરમ્યાન ઈમ્પેકટ ફી તથા આઈ.સી.નાં નાણાની વસૂલાત બાબત.

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ(વરાછા)ઝોનના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં ગૃડા–૨૦૧૧ હેઠળ જે અરજીઓ મંજુર થયેલ, તે અરજીઓ અન્વયે ઈમ્પેકટ ફી ની રકમની રીકવરી કરવાની સઘન કામગીરી ઝોન કચેરી તરફથી હાલ ચાલી રહેલ છે. ઈમ્પેકટ ફી ની રકમ સત્વરે ભરપાઈ કરવા માટે વિવિધ વિસ્તારોમાં પ્રચારગાડી ફેરવીને જાહેર જનતાને વિનંતી કરવામાં આવી રહી છે. તે ઉપરાંત ઝોનના સંબંધિત અધિકારીઓ તરફથી અરજદારોનો રૂબરૂ સંપર્ક સાધીને પણ ઈમ્પેકટ ફી ની રીકવરી કરવામાં આવી રહી છે. ઝોનનાં સતત પ્રયત્નોને કારણે માસ–જૂન–૨૦૧૫માં ઈમ્પેકટ ફી પેટે રૂા.૧.૭૭ કરોડની રકમની રીકવરી થવા પામેલ છે. અને ચાલુ  નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના પ્રથમ ત્રણ માસમાં જ ઈમ્પેકટ ફી પેટે રૂા.૬.૪૨ કરોડ ઝોન કચેરીની તિજોરીમાં જમા થયેલ છે. આમ થતાં ઈમ્પેકટ ફી ની કુલ રૂા.૭૫.૨૭ કરોડની ડીમાન્ડ સામે તા.૩૦/૦૬/૨૦૧૫ સુધીમાં રૂા. ૬૩.૬૮ કરોડની માતબર રકમની રીકવરી ઝોન કચેરી મારફત કરવામાં આવેલ છે. ઝોન કચેરીની વખોતવખતની તાકીદ છતાં પણ ઈમ્પેકટ ફી ન ભરનાર અરજદારોની મિલકતો સામે આગામી દિવસોમાં આકરા પગલા પણ ભરવામાં આવનાર છે.

ઈમ્પેકટ ફી ઉપરાંત ઝોન વિસ્તારની ફાયનલ ટી.પી. સ્કીમોમાં આઈ.સી. ના નાણાંની રીકવરીનું અભિયાન પણ ઝોન કચેરી તરફથી સતત ચાલુ રાખવામાં આવેલ છે. તે હેઠળ માસ–જૂન–૨૦૧૫ માં આઈ.સી. નાં નાણાં પેટે રૂા.૧.૦૫ કરોડની વસુલાત કરવામાં આવેલ છે. તેમ થતાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ના પ્રથમ ત્રણ માસમાં આઈ.સી.નાં નાણાં પેટે કુલ રૂા.૪.૪૬ કરોડની રકમ ઝોન કચેરીની તિજોરીમાં જમા થવા પામેલ છે.

TOP

## પ્રેસનોટ

## સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગના ચોમાસા દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે "મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા " વિરોધી માસ અભિયાન અંર્તગત રાખવામાં આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :

સુરત શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર મ્યુ.કમિશ્નરશ્રીના આદેશનુસાર સા.વે.ઝોન (અઠવા) સંલગ્ન વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા સખત અસરકારક કામગીરીનો આરંભ કરી દીધેલ છે. સદર કામગીરીના ભાગરૂપે ઝોનના વડા શ્રી સી.વાય.ભટ્ટ ના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ.પટેલની સુચના મુજબ તા.૦૨/૦૭/૧૫ ના રોજ મચ્છર જન્ય પરિસ્થિતિના અતકાયતના ભાગરૂપે અઠવાઝોનના વી.બી.ડી.સી.વિભાગની ૦૫ (પાંચ) ટીમ બનાવી ભરથાણા યુનિટના વિસ્તારમાં આવેલ બાંધકામમાં મચ્છરની ઉત્પતિ બાબતે ઘનિષ્ઠ સર્વેલન્સની કામગીરીની ઝુંબેશ હાથ ઘરવામાં આવેલ આ ઝુંબેશ દરમ્યાન આગમ, આદેશ્વર, સમર્થ, સ્વીમ પેલેસ, વોટર હિલ્સ, રઘુવીર, ફોરચુન, કોરલ, બેલાકાસા, સિધ્ધી એલીટસ, ટિટેનિયમ, શ્યામસૃષ્ટિ, ઉમિયા બંગલો, અર્થમ વાટીકા, સોમેશ્વરા, ઈ.ડ.એસ.કવા., મુખ્ય મંત્રી આવાસ  વિગેરે કુલ–૩૨ બાંધકામોમાં કુલ ૪૦ બ્રિડીંગ મળી આવતાં તેનો નાશ કરવામાં આવેલ તેમજ બાંધકામની કામગીરી દરમ્યાન મચ્છરોની ઉત્પતિ રોકવા બાબતે બેકાળજી દાખવનારા બાંધકામના માલિકો પાસેથી કુલ રૂા.૧,૨૦,૦૦૦/– વહીવટી વસુલાત લેવામાં આવેલ. વઘુમાં બાઘકામો માં કામ કરતાં મજુરોના કુલ– ૧ ૧ ૬ લોહીના નમૂના મેલેરીયા નિદાન માટે લેવામાં આવેલ.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા જાહેર જનતા ને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વઘુમાં વઘુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

TOP

## પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૦૭/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૨૬૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૮૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૫૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૧૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૨,૫૯,૩૫૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૪ એન્ટ્રીમાં રૂા.૮૨,૦૬૦/– અને આર.સી.ની ૩૯ એન્ટ્રીમાં રૂા.૧,૫૫,૪૯૦/– મળી કુલ રૂા.૨,૩૭,૫૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૫ એન્ટ્રીમાં રૂા.૧૬૦/–, રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૪૮૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૩૨ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૭ ફાઈલોના રૂા.૩,૫૨,૧૬૦/– ની વસુલાત લેવામાં આવી.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૨,૦૨,૧૦૮/–, દબાણ ચાર્જના રૂા.૪,૦૩૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૪૦૦/– મળી કુલ રૂા.૨,૦૬,૫૩૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા જુન માસ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનુ કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૧૪૮૬૨૭૭ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૩૧૫૯૮૩૩ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૭૮૪૪ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૧૨૦૨૪૦ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૧૬૦૮૧ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૮૧૨૨ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૦૪૦૩૯ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૧૦૧૩ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૩૩૩૦ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૧૬૭ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૪૫૩૭ નોટિસો આપવામાં આવી અને ૪૭૦૦૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ'સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 495 : [redacted]
તા. ૨-૭-૨૦૧૫

TOP

## પ્રેસનોટ
## સાઉથઝોન(ઉધના)
## સુરત મહાનગરપાલિકા

તા.૦૨.૦૭.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૩ ફાઈલના રૂા.૮.૧૭ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૧૦ લોકેશન(ખાડા)૪૯૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૪૯૦મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૧ લોકેશન(ખાડા) ૫૦.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૭ લોકેશન ૧૬૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૯,૧૨૯/– વસુલ લેવામાં આવેલ તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૩૯ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા : ૧૦૦ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૫.૧૮ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૩.૭૭ લાખ થયેલ છે.,૧૦ ભહ તથા ૦૮ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૩૪૦/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૩૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૯ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ ૩૯૬ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૭ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૨૦૧.૦૯૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૫ છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૨૦૦૦/– છેતથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૮૬૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ ૨૪૧૦૮ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૬૧ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૮૮૫ કરવામાં આવેલ છે. જયારે ૪૯ નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૮૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનનાં વી.બી.ડી.સી. વિભાગ નાં કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ તમામ હાઈરાઈઝ તેમજ લો રાઈઝ બાંધકામોમાં કરવામાં આવેલ સઘન આરોગ્યલક્ષી કામગીરીની વિગત નીચે મુજબ છે.

સુરત મહાનગરપાલિકાનાં પુર્વ ઝોન (વરાછા)નાં "વાહક જનિત રોગ નિયંત્રણ" વિભાગનાં તમામ યુનિટનાં કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ કુલ ૬૨૮ નાના–મોટા બાંધકામો (કુલ ૧૧૧ હાઈરાઈઝ) સર્વે કરી કુલ ૬૨૯૪ જેટલા સ્પોટની તપાસ કરી જેમાંથી ૧૫૮ બ્રીડીંગ સ્પોટનો નાશ કરવામાં આવેલ છે. તદઉપરાંત વરસાદી પાણી ભરાવો થઈ મચ્છરોની ઉત્પતિ થઈ શકે તેવા લગભગ ૭૪૦ જેટલા ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ કરવામાં આવેલ છે.

સદર બાંધકામોમાં સર્વે દરમ્યાન ૯૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વધુમાં મચ્છર ઉત્પત્તિ સ્થાન જણાયેલ હોય એવા સ્થળોએ ૪૪ ઈસમો પાસેથી રૂા.૨,૪૦,૫૦૦/– વહીવટી પરચૂરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ બાંધકામોમાં ખુલ્લામાં વસવાટ કરતા કુલ ૩૩૯ મજુરોની લોહીના નમુના લેવામાં આવેલ છે. તેમજ મજુરોને મચ્છરથી ફેલાતા રોગ તથા તેના અટકાયત માટે લેવામાં આવતા પગલા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. તેમજ મચ્છરદાનીથી થતા ફાયદા અંગેની માહિતી આપી.

TOP